| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૭/૦૯/૨૦૨૨** **બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૫૯૮/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૦૬/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫ | ૪,૧૭,૩૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૫૯૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૫૩ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૬૦૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૬૦૧/૨૦૨૨**

**આનંદનગર:** માલવભાઇ દિલીપભાઇ શાહ (ઉ.વ.૩૭) (રહે.નંદીગ્રામ સોસાયટી નારણપુરા વૈધ શાળા પાસે નારણપુરા) એ તા.૦૬/૦૯/૨૦૨૨ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આનંદનગર-૧૦૦ ફુટ રોડ ઉપર આવેલ રીવેરા આર્કેટ કોમ્પ્લેક્ષમાં આવેલ વિટેક-ટી.વી.એસ નામના શો-રૂમમાં બ્રાંચ મેનેજર તરીકે નોકરી કરતા મેહુલભાઇ જસવંતભાઇ પરમાર નાઓએ તા.૦૧/૦૭/૨૦૨૨ થી તા.૧૫/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા ૪,૬૭,૯૦૦/- તેમજ માલવભાઈ શાહના ગ્રાહક નાઓને રીસીપ્ટ નંબરથી ખોટા બીલ બનાવી “ગો-ડીઝીટ ઇન્સ્યોરન્સ કંપની”નો પોલીસી નંબર આપી તેઓની પાસેથી રૂપિયા ૮૨,૮૦૦/- મળી કુલ રૂપિયા ૫,૫૦,૭૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**નારોલ:** ધમેન્દ્ર અશોકભાઇ જૈન (ઉ.વ.૩૬) (રહે. કામેશ્વરપાર્ક વસ્ત્રાલ) એ તા.૦૬/૦૯/૨૦૨૨ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જેતલપુર ગામ એ.પી.એમ.સી. માર્કેટ ખાતે આવેલ ઇન્ડસઇન્ડ બેન્ક લી. બારેજા શાખામાં બ્રાંચ ઇન્ચાર્જ તરીકે કામ કરતા પારસ કાલુભાઇ બોરડ (રહે. શ્રીધર ફ્લોરર અમર જવાન સર્કલ નીકોલ) એ સને-૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન શાખાના ગ્રાહકોને વિશ્વાસમાં લઇ ગ્રાહકોએ બેંકમાંથી લીધેલ વાહન લોનના બાકી હપ્તાની રકમ તથા જુદા-જુદા ગ્રાહકોની લોનની રકમ માટે ફાઇનલ સેટલમેન્ટ માટે વાહનો મેળવી બેંકને જાણ કર્યા વગર બારોબાર વેચાણ કરી મેળવેલ રકમ આશરે રૂપિયા ૨,૦૪,૭૭૦/- ઉચાપત કરી શાખા તથા શાખાના ગ્રાહકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધરા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૨/૨૦૨૨**

**ઓઢવઃ** ઓઢવ ભાથીજી મંદીરની બાજુમાં નવા બનતા નવ માળીયા ખાતે કામ કરતાં અને ત્યા જ રહેતા મહેશભાઇ વજાભાઇ રાવળ (મુળ વતન ગામ-ડુંગર તા-ફતેપુરા જી-દાહોદ) નાઓનો આઠ વર્ષનો પુત્ર રુદન તા.૦૬/૦૯/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે "સી" બ્લોક નજીકથી પસાર થતો હતો ત્યારે ઉપરથી સેન્ટીંગની લોખંડની પ્લેટ રુદનના માથા ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી રેણુકાબહેન ઇશ્વરભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૩/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** મહેશભાઇ મણીલાલ ઠક્કર (ઉ.વ.૬૩) (રહે. વિશ્વાસ સીટી વિભાગ-૨ પ્રમુખનગરની બાજુમાં ચાણક્યપુરી ઘાટલોડીયા) એ બિમારીથી કંટાળી તા.૦૫/૦૯/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરીટભાઇ વિઠ્ઠલદાસ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** નયનચંદ પૂનમભાઇ પરમાર (ઉ.વ.૩૫) (રહે. ગંગા એપાર્ટમેન્ટ સૈજપુર બોઘા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૯/૨૦૨૨ કલાક ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી